# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

**પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૧/ક્વા-૪/૧૯-૨૦/૧૦૭૯-૧૧** **તા.૨૦.૦૨.૨૦૨૦**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, **રાજકોટ** ના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG- ૧૧/ક્વા-૪/૧૯-૨૦

અરજદાર: અઘેરા કનુભાઈ ડાયાભાઇ , ગામ -અજાબ - **સબડીવીઝન** : -કેશોદ ગ્રામ્ય-૧
રજૂઆત કરનાર: **શ્રી** કનુભાઈ ડાયાભાઇ અઘેરા **હાજર રહેલ છે.**

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર : પીજીવીસીએલ વિભાગીય કચેરી – -કેશોદ
રજૂઆત કરનાર: કાર્યપાલક ઈજનેર શ્રી આર.જી. ગોવાણી -પીજીવીસીએલ વિભાગીય કચેરી -કેશોદ

## :: કોરમ ::

૧) ચેરપર્સન - શ્રી જે.બી. પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી કોકિલાબેન જે. મોટાણી

સુનાવણી સ્થળ: પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૧૩-૦૨-૨૦૨૦ (ગુરુવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૩-૦૨-૨૦૨૦ (ગુરુવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે તેઓ દ્રારા અજાબ ગામે નવુ ખેતીવાડી વીજજોડાણની માંગણી તા.૨૩–૧૦–૧૭ ના રોજ કરાયેલ છે. જેના અનુસંઘાને જરૂરી આધાર–પુરાવા રજુ કરેલ હોવા છતા – માંગણી કરેલ સર્વે નંબરઃ ૧૭૫ / ૧/ અ નો સ્થળ સર્વે કરાયેલ નથી. જેથી સદર વીજજોડાણ મેળવવા માટે અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અઘેરા કનુભાઈ ડાયાભાઈ, રહે-અજાબ ની તા.૧૭.૧૨.૨૦૧૯ ની રજૂઆતના અનુસંધાને અત્રેની કેશોદ (વિભાગીય) કચેરી દ્વારા આનુષાંગિક પેટા વિભાગીય કચેરી કેશોદ (ગ્રામ્ય-૧) (આર.ઈ.) ને પત્ર નં.૪૧૭, તા.૨૨.૦૧.૨૦૨૦ અને સ્મૃતિ પત્ર નં.૬૪૮, તા.૦૧.૦૨.૨૦૨૦ થી અરજદારની અરજી બાબત જરૂરી તપાસ અને કાર્યવાહી કરી હકીકતલક્ષી અહેવાલ પાઠવવા જણાવાતા. નાયબ ઈજનેર (આર.ઈ.) પેટા વિભાગીય કચેરી, કેશોદ (ગ્રામ્ય-૧) ના પત્ર અનુસાર અરજદાર દ્વારા તેમની માલિકીની સર્વે નં.૧૭૫/૧/અ પર ખેતીવાડી વિજ જોડાણ માટે માંગણી કરેલ જેના અનુસંધાને પ્રાયોરીટી રજીસ્ટર મુજબ ક્રમ આવતા તા.૨૭.03.૨૦૧૯ ના રોજ સ્થળ ખરાઈ કરાયેલ જે દરમ્યાન બાજુમાં અન્ય ખેતીવાડી વિજ કનેક્શન ગ્રા.નં. ૮૦૨૧૬૧૦૬૪૦/૦, ૭.૫ હો.પા.નું A2 ટેરીફ નું શ્રી અઘેરા પરશોતમભાઇ જસમતભાઈ ના નામનું હોઈ નિયમાનુસાર એક જ સર્વે નં. પર અન્ય ખેતીવાડી વિજ કનેક્શન ન આપી શકાય તે મુજબ જરૂરી પત્રવ્યવહાર કરી અરજદારને ખૂટતા દસ્તાવેજો રજુ કરવા જણાવેલ.

3.૧ અરજદારની તા.૧૮.૧૧.૨૦૧૯ની અરજી અન્વયે સ્થાનિક કચેરી દ્વારા પુરતી ખરાઈ કરાયા વિના પત્ર નં.૬૧૩૬, તા.૧૨.૧૨.૨૦૧૯ થી એક જ સર્વે નંબરમાં બે ખેતીવાડી વિજ કનેક્શન મળી શકે નહિ તે બાબતનો પત્ર પ્રત્યુતરરૂપે પાઠવેલ. ત્યારબાદ ગ્રાહક દ્વારા રજૂઆત કરાતા સ્થાનિક કચેરી દ્વારા રેકર્ડ ખરાઈ કરતા તેમજ નાયબ ઈજનેર (આર.ઈ.) દ્વારા તા.૨૭.૦૧.૨૦૨૦ ના રોજ ઉપરોક્ત સ્થળે સર્વે કરાયા બાદ ગ્રા.નં. ૮૦૨૧૬૧૦૬૪૦/૦ વાળું ખેતીવાડી વિજ કનેક્શન સર્વે નં.૧૭૫/૧/અ પર નહિ પણ સર્વે નં.૧૭૫/૧/બ માં આવેલ હોવાનું સ્પષ્ટ થતા નાયબ ઈજનેર (આર.ઈ.) દ્વારા ઉપરોક્ત અરજદારને આ બાબતે પત્ર

નં.૬૭૪, તા.૦૬.૦૨.૨૦૨૦ થી પાઠવી, કંપનીના નિયમાનુસાર જરૂરી તમામ પ્રક્રિયાઓ પૂર્ણ કરી તા.૧૨.૦૨.૨૦૨૦ ના રોજ પત્ર નં. ૭૫૬ થી નિયત ભાવપત્રક પાઠવાયેલ છે.

૩.૨ ઉપરોક્ત સદર અંદાજપત્ર અરજદાર ભરપાઈ થયા બાદ અરજદારને ખેતીવાડી વિજ કનેક્શન આપવાની આગળની કાર્યવાહી હાથ ધરાશે. આમ અરજદારની રજૂઆત ધ્યાને લઇ સ્થાનિક કચેરી દ્વારા અરજદારને  વિજ જોડાણ આપવાની કાર્યવાહી હાથ ધરી પ્રશ્નનો સુખદ ઉકેલ લાવવામાં આવેલ છે.જે આપ સાહેબની નમ્ર જાણ સારું.

## :: હુકમ ::

૪.૦ સુનાવણી સમયે ફરિયાદી અરજદાર તેમજ સામાવાળા ની રજૂઆત તેમજ રજૂ કરેલ દસ્તાવેજી પુરાવાને આધારે ફોરમ કમિટી દ્વારા નીચે મુજબના તારણ પર આવી શકાય.

૪.૧ અરજદાર ની રજૂઆત અન્વયે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે- અરજદાર દ્વારા તેમની માલિકીની અજાબ ગામના સર્વે નં.૧૭૫/૧/અ પર ખેતીવાડી વિજ જોડાણ માટે માંગણી કરેલ જેના અનુસંધાને પ્રાયોરીટી રજીસ્ટર મુજબ ક્રમ આવતા તા.૨૭.૦૩.૨૦૧૯ ના રોજ સ્થળ ખરાઈ કરાયેલ જે દરમ્યાન બાજુમાં અન્ય ખેતીવાડી વિજ કનેક્શન ગ્રા.નં. ૮૦૨૧૬૧૦૬૪૦/૦, ૭.૫ હો.પા.નું A2 ટેરીફ નું શ્રી અઘેરા પરશોતમભાઇ જસમતભાઈ ના નામનું હોઈ નિયમાનુસાર એક જ સર્વે નં. પર અન્ય ખેતીવાડી વિજ કનેક્શન ન આપી શકાય તે મુજબ અરજદારને તા. ૧૨.૧૨.૨૦૧૯ થી જરૂરી પત્રવ્યવહાર કરી અરજદારને ખૂટતા દસ્તાવેજો રજુ કરવા જણાવેલ હતું.

૪.૨ ઉપરોક્ત પેરા નં. ૪.૧ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા પેરા નં. ૩.૧ મુજબ ઉપરોક્ત સ્થળે સર્વે કરાયા બાદ ગ્રા.નં. ૮૦૨૧૬૧૦૬૪૦/૦ વાળું ખેતીવાડી વિજ કનેક્શન સર્વે નં.૧૭૫/૧/અ પર નહિ પણ સર્વે નં.૧૭૫/૧/બ માં આવેલ હોવાનું સ્પષ્ટ થતા નાયબ ઈજનેર (આર.ઈ.) દ્વારા ઉપરોક્ત અરજદારને આ બાબતે પત્ર નં.૬૭૪, તા.૦૬.૦૨.૨૦૨૦ થી પાઠવી, કંપનીના નિયમાનુસાર જરૂરી તમામ પ્રક્રિયાઓ પૂર્ણ કરી તા.૧૨.૦૨.૨૦૨૦ ના રોજ પત્ર નં. ૭૫૬ થી નિયત ભાવપત્રક પાઠવાયેલ છે.

૪.૩ સદર કેઈસમાં ઉપરોક્ત મુદ્દા નં. ૪.૨ મુજબ સ્પષ્ટ થાય છે કે અરજદારનો કોઈ દોષ માલુમ પડેલ નથી જેથી પીજીવીસીએલ પક્ષકાર દ્વારા જે તે સમયે ભૂલ ભરેલી કાર્યવાહી કરેલ છે તેમજ અરજદારને સમયસર ભાવપત્રક આપેલ ન હોય જવાબદાર અધિકારી/કર્મચારી સામે શિષ્તભંગ ની કાર્યવાહી કરવાની તેમજ અરજદાર દ્વારા ભાવપત્રકની રકમ ભરપાઈ થયે વીજ જોડાણ આપવાની નીયમાધીન કાર્યવાહી કરવાની પીજીવીસીએલ પક્ષકાર ને સુચના આપવામાં આવે છે.

૪.૪ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૩ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૫ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

(કે. જે. મોટાણી)
સભ્ય (સ્વતંત્ર)

(જે.બી.પારેખ)
ચેરપર્સન

**નોંધ:**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.